Chapter. 4

# પ્ર ક ર ણ – ૪

## લોકનાટય, રંગભૂમિનો ઉદય તથા પહેલી પારસી નાટક મંડળી

# પ્રકરણ - ૪

## લોકનાટય અને રંગભૂમિનું ઉત્થાન અને પારસી નાટક મંડળી

ભારતની નાટય પરંપરા બે હજાર વર્ષ પૂર્વે પાંગરી હતી. કાલાનુસાર સંસ્કૃત ભાષા પરત્વેનો લોકસંપર્ક ઘટતો ગયો અને તેજ કારણે ગુજરાતી નાટયસાહિત્યને સંસ્કૃત નાટયસાહિત્ય અને સંસ્કૃત રંગમંચની પરંપરા પ્રત્યક્ષ રુપે પ્રાપ્ત ન થઇ, એટલુંજ નહી પરતુ ચૌદમી સદીના અંત સુધી સંસ્કૃત નાટકોની પરપરા લગભગ મૃત થયેલી હતી. ડો.કીથના મત પ્રમાણે 'સંસ્કૃતમાં જે નાટકો પ્રાપ્ત થાય છે તે જનભાષાથી ખૂબજ ભિન્ન હતાં અને તે ભાષાના સ્વરુપને સમજવું મોટાભાગે લોકો માટે અસંભવ હતુ.' માત્ર અલ્પ સંખ્યામાજ તેને સમજનારા હોવાથી તે જનસમુદાય સુધી પહોંચી શકયા નહીં. માનવ-સમાજના બે વર્ગો પરંપરાથી વિભાજિત રહેલા છે. એક સંસ્કૃત-શિક્ષિત વર્ગ અને બીજો ગ્રામીણ-અશિક્ષિત વર્ગ. બન્નેને રુચિ અને બુધ્ધિમા તાત્વિક અંતર હોવાને કારણે મનોરંજનના માધ્યમમાં પણ એકતા જોવા મળતી નથી. પરિણામે સંસ્કૃત નાટક કેવળ શિષ્ટ વર્ગનાજ મનોરંજનનું સાધન બની ગયું. સામાન્ય જન સમાજ સાથે તેનો કોઇ સંબંધ ના રહયો. વળી સંસ્કૃત નાટક અને આધુનિક નાટકોના વચગાળાના સમયમા સામાન્ય જનના મનોરંજનના માધ્યમ તરીકે લોકનાટયની પરંપરા અસ્તિત્વમાં આવી. બંગાળમાં જાત્રા, બિહારમા વિદેશિયા, પંજાબમા સોંગે, ઉત્તર ભારતમાં રાસ, લીલા, રામલીલા, નૌટંકી, સ્વાંગ નકલ, ભાંડ, આસામમાં અંકીયાનટ, મહારાષ્ટમા લલિત તથા તમાશા, આંધ્રમાં ભાગવત મેલ, યક્ષગાન તેવીજ રીતે ગુજરાતમાં ભવાઇ જનમનરંજનના સાધન બની ગઇ. ભવાઇ શબ્દની વ્યુત્પત્તિમાં વિદ્વાનોમા મતભેદ પ્રવર્તે છે. રા.જયશંકર ભવાઇ શબ્દનો અર્થ 'ભવ-વહી' એટલે જગતનું જમા-ઉધાર પાસું માને છે. ડો.હરિલાલ ધ્રુવે તથા આચાર્ય ડોલરરાય માંકડે 'ભાવ' શબ્દ પરથી ભવાઇની કલ્પના કરી છે, કારણ કે, 'ભાવ' શબ્દનો સંસ્કૃત નાટયશાસ્ત્ર અને શબ્દકોષ પ્રમાણે 'નટ'અર્થ થતો હોવાથી તેને ભજવનારા તે ભવૈયા. પ્રો.અનંતરાય રાવળના કથન પ્રમાણે જે રીતે 'ગર્ભ-દીપ' શબ્દમાથી 'દીપ' શબ્દનો લોપ થતાં 'ગર્ભ'માથી ગરબાની વ્યુત્પત્તિ થઇ, તે રીતે 'ભગવતી-યજન' શબ્દમાં 'યજન'શબ્દનો લોપ થતાં ભગવતી ભઅવઇ ભવાઇ શબ્દ વ્યુત્પન્ન થયો. શકિત-પૂજા સાથે તેનો સંબધ 'ચાચર ત્યાં જાતર ભલી' એ ઉકિત પરથી હોય તેમ સ્પષ્ટ થાય છે. આચાર્ય રસિકલાલ પરીખ 'ભાવન' શબ્દ પરથી 'ભવાઇ'ની વ્યુત્પત્તિ માને છે. ડો.સુધાબેન દેસાઇ પણ શ્રી પરીખના મતનુંજ સમર્થન કરે છે. 'ભાવે ભવાઇ સાંભળે તેની અંબામા પૂરે આશ'.[1]

ગમે તે હો પરંતુ એ નિર્વિવાદ છે કે 'ભવાઇ'નો સંબંધ ભાવપૂર્વક નૃત્ય-ગાન દ્વારા શકિત પૂજા સાથે રહેલો છે. આજે ભવૈયાઓ ; જે ઉત્તર-ગુજરાતના નિવાસી છે તેમનો આ ધંધો પરંપરાગત માનવામા આવેલો છે. શ્રી ઉમાશંકર જોષી તે વિષે નોંધે છે કે 'આનર્ત..... 'નટનર્તગાયકા:' નો પ્રદેશ હજુ આજે પણ ભૂમિની એક તળપદી, વિશિષ્ટ અને ભાવિવિકાસની અનેક શકયતાઓવાળી 'ભવાઇ' નામની નાટયસંસ્થાને જીવતી રાખનારો પ્રદેશ''[2] આનર્ત શબ્દનો સંબંધ 'નૃત્ત' સાથે છે, તે જોતાં 'આનર્ત'ને નર્તકો અને નટોનો પ્રદેશ કહીશુ તો અત્યુકિત નહીં લેખાય. ગુજરાતી રંગભૂમિને મોટાભાગે નટો, નર્તકો, ગાયકો અને વાદકોની ભેટ આપવામાં આ પ્રદેશનો ફાળો અતિ મહત્વનો છે. એટલુંજ નહી પરંતું અર્વાચીન રંગભૂમિના ઉત્થાન અને વિકાસના સમયપટ દરમ્યાન આજે પણ '**ભવાઇ**'ને ટકાવી રાખવાનું શ્રેય પણ આનર્તને ફાળેજ જાય છે.

'ભવાઇનું મહત્વ સમજાવતાં કવિશ્રી 'જોમ્મન'લખે છે કે પ્રમાણેના "રંગભૂમિની જન્મદાતા ભવાઇ છે. એ ભવાઇમાં લેખો નહોતા, લેખકો નહોતાં, નાટયઘરો નહોતાં, 'સીન-સીનેરી' અને 'ડ્રેસ' નહોતાં, અતિ ચંચળ અને તરત બુધ્ધિયા નટો-ચાલુ મંચ પરજ લોકોના મનોરંજનાર્થે બુધ્ધિપુર્વક ત્યાંને ત્યાંજ સંવાદ ગોઠવીને બોલતા અને તેનો સામો જવાબ પણ એવીજ રીતે આપતા'[3] ઉપરોકત કથનને આજની રંગભૂમિ પર ભજવાતા નાટકો કે જેમાં સર્વ પ્રકારની તકેદારી રાખવામાં આવે છે છતાં તેનો વિકાસ 'ભવાઇ' જેટલો થયો છે ખરો ? તે જનમનરંજનનુ સર્વભોગ્ય સાધન બની શકી છે ખરી ? 'ભવાઇ' જેટલી વ્યાપકતા પામી શકી છે ? ભવાઇ એ લોકનાટય તરીકે વિકાસ પામેલ હોવા છતાં તેમાં શિષ્ટ નાટકનુ કે રંગભૂમિનું સ્વરુપ ન હતું. ભવાઇમાં શિષ્ટતત્વોનો અભાવ હતો તે સત્ય સ્વીકાર્ય હોવા છતા તે કાળે શિષ્ટ સાહિત્યનું ખેડાણ પણ કેટલા પ્રમાણમાં જોવા મળે છે ?

ભવાયા-તરગાળા :

ચૌદમો સદીમાં ઉત્તર ગુજરાતના ઉંઝા ગામમાં હેમાળા પટેલ નામનો પાટીદાર નિવાસ કરતો હતો. તેની રુપવતી પુત્રી ગંગાને અલ્લાઉદ્દીન ખીલજીનો સરદાર જહાનરોજ ઉપાડી ગયો. તેના સકંજામાંથી છોડાવવા અસાઇત નામનો બ્રાહ્મણ તેની સાથે એક ભાણે જમી તેને છોડાવી લાવ્યો. તેથી જ્ઞાતિથી બહિષ્કૃત થતાં તે સિધ્ધપુર છોડી ઉંઝામા આવી વસ્યો. હેમાળા પટેલ દ્વારા મળેલી જમીન અને ભવાઇના વેશ લખી તેણે તેનું તથા તેના ત્રણ પુત્રોનુ ગુજરાન ચલાવવા માંડયું. આ લખેલા વેશની પુત્રોના સહકાર વડે ભજવણી કરી. ધન પ્રાપ્તિ કરતો . અસાઇતને ભવાઇના આધ નિમાર્તા માનીએ છતા પણ અસાઇત પૂર્વે ભવાઇનું લોક-નાટય રુપ રહયુ હોવુ જોઇએ. તેને પરિષ્કૃત કરવામા અસાઇતે મહત્વનો ફાળો આપ્યો. અસાઇતને ત્રણ પુત્રો હતાં,

તેમના ત્રણ ઘર હતા. બહુધા તેમની જ્ઞાતિવાળાં તેમને 'ત્રણ ઘરવાળા'ના ધૃણાવ્યંજક શબ્દથી સંબોધન કરતાં હશે. જે પાછળથી ત્રણ ઘરવાળા – તરગાળા તરીકે ઓળખાવા લાગ્યા હશે, તેવી કથા પ્રચલિત છે આજે ગુજરાતમાં તરગાળા નામની એક જ્ઞાતિ છે. જેનો વ્યવસાય ભવાઇ રમવાનો રહયો છે. અસાઇતે ૩૬૦ વેશોની રચના કરી હતી, જેમાંથી માત્ર ૬૦ વેશોજ પ્રાપ્ત થાય છે. કેટલાક વેશોમાં અસાઇતના નામનો પણ ઉલ્લેખ જોવા મળે છે. વળી અસાઇત બાદ પણ વેશોની રચના થઇ હશે. વળી કંઠસ્થ રાખવાને કારણે મૂળ ભૂલાઇ ગયુ હશે અથવા ખોટી રીતે યાદ રહી ગયું હશે. સંસ્કૃત પરંપરાના ઉપરુપક 'પ્રેક્ષણક' સાથે ભવાઇનો સંબંધ જોવા મળે છે.

ભવાઇ માતાજીના ચાચરમા કે ગામના ખુલ્લા ચોગાનમા રમાતી, ચારેય બાજુએ પ્રેક્ષકો ગોઠવાતા નવ-દશ વાગ્યાથી શરુ થતી તે સવાર સુધી ચાલતી. ગામનો નાઇ મશાલ લઇ ઉભો રહેતો. આ ભજવણીમાં નાતો પ્રકાર, યોજના, રંગમંચ, સેટિંગ્સ, કે પડદા. સંગીતમાં બે ભૂંગળવાળાઓ, તબલચી, પખવાજ અને મંજીરાનો સાથ રહેતો. આ માટે અસાઇતે 'રામદેવ વેશ'માં એક દુહો ગાયો છે :

પખાજી ઉભો પ્રેમસુ, રવજી મન મોડ,
તાલગર ટોળે મળ્યા, ભૂંગળિયા બેજોડ,
ભૂંગળિયા બે જોડ કે આગળ રંગલો ઉભો રહયો,
ઈણી રીતે અસાઇત ઓચરે, હવે રામ દે રમતો રહયો.[૪]

ભવાઇમા કોઇ એકજ લાંબો કથા પ્રસંગ નહી હોતો, પણ જુદા જુદા પ્રસંગ ભજવાય છે, જે વેશ તરીકે ઓળખાય છે. વેશ પૂર્ણ નાટક બની રહે છે. ભવાઇનો પ્રારભ થવાની સુચના ભૂંગળ વગાડીને કરવામા આવતી. દરેક વેશના પ્રારંભમાં આવણું ગવાતું અને પછી મુખ્ય પાત્ર ગીત અને નૃત્ય સાથે પ્રવેશતું. સંગીત, તાલ અને રાગનું સંયોજન ભવાઇમાં સિધ્ધ થયેલ જોવા મળે છે. પાત્રાનુસારી ભાષા અને વેશ ભવાયાઓને સિધ્ધહસ્ત હતાં. ઘણીવાર વેશ એ મુખ્ય પાત્રનું કથાનક બની અટકી જતો. પાત્રો વચ્ચે થતો સંવાદમાં ગદ્ય કરતાં પદ્યનો બહુધા ઉપયોગ થતો.

શિષ્ટ નાટકનો વિદૂષકમાંથી ઉપજ્યો ભવાઇનો રંગલો/રંગલાનું પાત્ર અતિરંજિત હોવા છતાં તેની અનિવાર્યતા મહત્ત્વની ગણાવી શકાય. ભવાઇનું દરેક પાત્ર નૃત્ય તથા અભિનયમાં પ્રવીણ હોવાથી કથાવસ્તુ, પ્રસાધન અન્ય નાટય સામગ્રીનો અભાવ તિરોહીત થઇ જાય છે. વચ્ચે વચ્ચે ગીતો આવતા હોય છે. કેટલાંક ગીતોમાં શાસ્ત્રીય સંગીત-કાવ્ય-છંદ દૃષ્ટિગત થાય છે.

ડો.સુધાબેન દેસાઇ ૫૦-૬૦ રાગોના સ્વર ભવાઇના વેશોમાં સાંભળ્યાનું નોંધે છે.[5] છંદોમાં છોદ દોહા, સોરઠા, કુંડલિયા, કવિત્ત, સવૈયા આદિનો પ્રયોગ કરવામાં આવતો હતો. આ છંદોમાં જનસમાજમાં નીતિમત્તા કેળવવાનો પ્રયત્ન જોવા મળે છે. સમાજમાં પ્રવર્તતી બદીઓને બહુધા રજૂ કરવામાં આવતી. સમાજની બદીઓના ઉપહાસ કરતાં રંગલો હાસ્યનું માધ્યમ બની જતો. આ હાસ્યનિષ્પન્ન કરવામાં પણ સમાજ સુધારણાનો હેતું કયારેક પ્રછન્ન કયારેક પ્રકટ રુપે જોવા મળે છે. સ્વ.મહીપતરામ નીલકંઠના મતે પણ 'ભવાઇ અને નાટકનો હેતુ લોકસુધારો છે.'[6] ભવાઇની ભાષા મોટે ભાગે ગુજરાતી રહી છે. છતાં ગુજરાતી મિશ્રિત હિંદી, વ્રજ, મારવાડી, જૂની રાજસ્થાની વગેરેનો પ્રયોગ જોવા મળે છે. કેટલાક વેશોમાં મુસલમાન પાત્ર હિંદી અને મારવાડી પાત્ર મારવાડી ભાષાનો ઉપયોગ કરતાં જોવા મળે છે. ભવાઇની ભાષા વિશે પ્રો.અનંતરાય રાવળ જણાવે છે તેમ 'ઘણાં વેશોમાં એ ગુજરાતી હોય,છે, પણ બધામાં નથી હોતી. હિંદી (જોકે એ હોય છે ગુજરાતી હિંદી)નો ઉપયોગ ઘણાં વેશોમાં આવે છે. ઘણાં વેશોમાં મુસલમાન નામો આવે છે. માટે તેમના બોલ તેમની ભાષામાં મૂકવાના પ્રયાસનું એને પરિણામે ગણાય. વીકા સિસોદિયાની ભાષા મેવાડી-મારવાડી જેવી, અને વાણિયાના પાત્રની બોલી બોબડી યોજાયેલી છે તેય આજ કારણે. ભવાઇનું હાસ્ય સ્થૂલ અને શબ્દરમત ઉપર અવલંબતું હોઇ ભાષાની પાસે તેવું કામ પણ કરાવાયુ છે. કેટલીકવાર ઝડઝમક નજરે પડે છે.'[7] લોકનાટય તરીકે ભવાઇને વિભિન્ન ભાષાઓનું સંગમ-સ્થાન ગણાવી શકાય. ગીત-નૃત્ય-વાદન-અભિનય-સંવાદ આદિ કલાથી સંયુકત એવું લોકનાટય ભવાઇ, એ ગુજરાતનો અમૂલ્ય વારસો છે. આમ ભવાઇ લોકજીવનના મનોરંજનું મહત્ત્વનું સાધન હતું. કાળક્રમે તેમાં બીભત્સતા, અશ્લીલતા અને નિર્લજ્જ ભાવભંગીયુકત ગીતો પ્રવેશ પામતાં સંસ્કારિતા અને સુરિચિના અંશો દુર થતાં ગયાં. ભવાઇની ભજવણીમાં વીર, શૃંગાર, કરુણ તથા બીભત્સ સમન્વીત થયેલ હોવા છતાં ભવાઇનો મુખ્ય રસ હાસ્ય રહયો છે. હાસ્ય નિષ્પન્ન કરવું એજ ભવાઇનું મુખ્ય ધ્યેય બની ગયું. હાસ્ય ઉપજાવવા માટે કરવામાં આવતા નુસખા અશ્લીલતા અને બીભત્સતામાં સરતા શિષ્ટ સમાજની લોકરુચિ ન મેળવતાં તેના પરત્વે એક રોષ પ્રગટવા માંડયો. બીભત્સ ચેષ્ટા અને સંવાદો જોઇ આપણા આધ્ય નાટયકાર રણછોડભાઇએ રોષે ભરાઇ ખેદ વ્યકત કર્યો હતો. 'હું જાણે ભરતમૂનિનો અનુયાયી હોઉં એવી મારી લાગણી ઉશ્કેરાઇ આવી.'[8] જનમનરંજનાર્થે ભવાઇકારોએ પ્રહસન તત્ત્વોને પ્રધાન સ્થાન આપતા તેમાં લગ્ન, પ્રેમ અને જાતીયસંબંધોના ઉલ્લેખો, બીભત્સ ગાયનોને કારણે હાસ્યમાં ગ્રામ્યતા સ્થૂળતા આવી હોવી જોઇએ. આ અશ્લીલતા અને બીભત્સતાને કારણેજ રણછોડભાઇનું લક્ષ્ય નાટક પર ગયું હતું એ મહુધાની ઐતિહાસિક-ઘટના વિસ્મરી ન શકાય.

નર્મદ-દલપતે પણ એ અશીષ્ટતાને કારણે નાટકના પુસ્તકોની અને શિષ્ટ વલણયુકત રચનાવાળી નાટયકૃતિઓની અપેક્ષા બનાવી છે.

## હોહોલિકા-એક નવોન્મષ

છેલ્લા બે-અઢી દાયકાથી ભવાઇમાં રહેલી નાટયોપકારકતા સરળ પ્રવાહિતા આદિ તત્ત્વોએ અર્વાચીન નાટ્યવિદોના આકર્ષ્યા. પરિણામે આ નાટયકારોએ ભવાઇનુ નવુંસંસ્કરણ કર્યું. આમ ભવાઇનું સ્વરુપ સુધરતું ગયું અને છેલ્લા પચીસ વર્ષના ગાળામાં નવી ભવાઇઓ નવા સ્વરુપે લખાવા માંડી જેમાં કયાંક સ્વરુપ રહયું પણ વિષય બદલાયેલ જોવા મળે છે. આ સંદર્ભમાં પદ્મશ્રી ચંદ્રવદન મહેતાની હો-હોલિકા એક નોંધપાત કૃતિ ગણાવી શકાય. આમ 'હોહોલિકા'માં શ્રી ચંદ્રવદન મહેતાએ લોકનાટય ભવાઇનું અર્વાચીન સંસ્કરણ કરી તે સ્વરુપમાં સમગ્ર તત્ત્વોનું નિરુપણ કરી તેમાં સમકાલીન અંશો જે માવજતપૂર્વક રજૂ કર્યા છે તે અવિસ્મરણીય બની રહેશે.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમા અંગ્રેજી કેળવણીનો કારણે શિક્ષિતવર્ગની શિષ્ટતા અને રુચિ કેળવાતા અને યુનિવર્સિટીઓમા અંગ્રેજી નાટકો અને તેના રુપાંતરો ભજવાતાં, વળી અંગ્રેજ અમલદારોના મનોરંજન અર્થે ભજવવામાં આવતાં નાટકો ગુજરાતી રંગભૂમિની સ્થાપનાની પ્રેરણા બની ગયાં. સંસ્કૃત નાટક અને આધુનિક નાટક વચ્ચેના ગાળામાં વિકાસ પામેલા ગુજરાતી લોકનાટય ભવાઇની ગુજરાતી નાટક પર અસર હોવા છતાં તેને ગુજરાતી નાટકનુ મૂળ ગણાવી ન શકાય. અશ્લીલતા, બીભત્સતા, સ્થૂળ-ગ્રામ્ય હાસ્યમાં રાચતી ભવાઇમાં નાટયતત્ત્વનો સંપૂર્ણ અભાવ હતો એમ પણ કહી ન શકાય. 'સાંપ્રત જીવન પરત્વે નિર્ભિકતાથી હસાવી શકવાની તથા પોતાના જીવનરંગો અંગે નિરાંતે ખેલદિલીથી હસી શકવાની બેવડી લાક્ષણિકતાઓના કારણેજ ભવાઇ પરંપરામા સતત લોકશાહી પ્રાણ ધબકતો રહયો. વળી, વ્યાપક અરાજકતા-અસ્થિરતાના વાતાવરણમાં સામાજિક પહસનનો આ અસરકારક હાસ્યોપચાર પ્રજામાનસ માટે આશ્વાસક નીવડયો હશે.'[૧૦] આમ તત્કાલીન સમાજના સંદર્ભમાં ભવાઇમાં પ્રકટેલા સામગ્રીનું વૈવિધ્ય અને નાટયોપકારક તત્ત્વો એ લોકોના મનોરંજનની સાથે સાથે નીતિ અને ઉપદેશનું બેવડું કાર્ય સફળ રીતે કર્યું તે ભૂલી ન શકાય.

૧૯મી સદીમા સમાજમાં નવચેતનાના બળો વ્યાવર્તક બન્યા હતાં. અંગ્રેજી ભાષાસાહિત્યનો અભ્યાસ વધતાં નાટક માટે યોગ્ય વાતાવરણ ધીમે ધીમે ખડું થવા લાગ્યું. કોલેજોમાં વિદ્યાર્થીઓ બહાર નાટક ભજવતાં. સંસ્કૃત-અંગ્રેજી નાટકોના અનુવાદ યા તેની અસર હેઠળ લખાયેલ નાટકોએ લોકોમાં નાટયાભિરુચિ

જગાડી. શેક્સ્પિયરની નાટયકૃતિઓએ કેળવણી પામેલાનું ધ્યાન ખેંચ્યું હતું. અંગ્રેજ પ્રજાના મનોરંજન અર્થે આવેલી નાટયમંડળીઓ, રશિયન અને ઈટાલીયન કલાકારો દ્વારા ભજવાયેલાં ઓપેરા રંગભૂમિને ઘડવા માટે પ્રેરક તત્ત્વ બની ગયાં. રંગભૂમિની પ્રવૃત્તિમા તે પ્રત્યક્ષ પરોક્ષ રીતે વિધાયક બળોનું કાર્ય કરી ગયાં. ગુજરાતી રંગભૂમિની સ્થાપના કોણે કરી એનું ઘડતર કોણે કર્યું અને ચર્ચામાં ભવાઇકાર જેવી અભિનયપટુ કોમ નૃત્ય–ગીત–સંગીતમાં જાણકાર હોવા છતાં ઓગણીસમી સદીના પાંચ દાયકા પહેલાં ગુજરાત પાસે રંગભૂમિ નહોતી તે હકીકત છે. આ સમયમાં અન્ય જાહેરક્ષેત્રોની માફક પારસીઓએ આ નવીન યુગના પ્રથમ તબક્કાએ રંગભૂમિના વ્યવસ્થિત રુપ માટે આગેવાની લીધી તે ઈતિહાસ–નોંધ કરવાની રહેશે. ગુજરાતી રંગભૂમિનો પાયો પારસીઓ દ્વારા નંખાયો તે સર્વવિદિત છે. તેના ટેકારૂપે માટેનનીચેના મતો નોંધવા અનિવાર્ય છે. 'ગુજરાતી રંગભૂમિને જન્મ આપવાનો યશ પારસીઓને ફાળે જાય છે. એમણેજ પહેલ વહેલી સવેતન અને અવેતન રંગભૂમિની રચના કરી અને રજૂઆત માટે નવીનવી ટેકનિકો અજમાવી.'૧૦ 'મુંબઇમાં પારસીઓએ પ્રથમ નાટયપ્રવૃત્તિ ઉપાડેલી, એમણે રંગભૂમિની ભાષા તરીકે ગુજરાતીજ અપનાવેલી.'૧૧ 'ઓગણીસમી સદીમા નાટકો લખવામાં કે નાટકશાળા કાઢવામાં મોખરે રહેનાર પણ પારસીઓ હતાં.'૧૨ 'પારસીઓએ પ્રત્યેક ક્ષેત્રમાં ઠીક ઠીક પ્રગતિ કરી હતી. તેઓ દરેક રીતે 'ગુજરાતીઓ' હતાં અને ગુજરાતમાંથી મુંબઇમાં પ્રથમ ઉતરી આવનાર કોમોમાં અગ્રગણ્ય હતી, અને ગુજરાતીઓમાં પારસીઓએજ રંગભૂમિનો પાયો નાખવાની પહેલ કરી હતી.'૧૩ 'આજથી ૧૦૭ વર્ષ પૂર્વે મુંબઇ સાંસ્કૃતિક વાતાવરણમાં નાટકે સ્થાન લીધું હતુ. પારસીઓ તેના સંપર્કમા આવવાથી નાટક ભજવવા પ્રેરાયો હશે તેવું અનુમાન કરી શકાય છે પરંતું એ ઐતિહાસિક હકીકત છે કે ગુજરાતી રંગભૂમિનો પાયો મુંબઇમા નંખાયો હતો, અને તેના સ્થાપકો પારસી હતાં.૧૪ 'અલબત્ત, ગુજરાતી નાટયપ્રવૃત્તિના આદિ પ્રણેતાઓ તો પારસીઓજ છે.'૧૫

'' પારસી રંગમંચ વસ્તુતઃ ગુજરાતી રંગમંચ હૈ જિસકા જન્મ બંબઇમેં ગુજરાતી ભાષી પારસી સજ્જનોકે પ્રયત્નસે હુંઆ ''૧૬

'નવયુગના સંચારવેળા, જાહેર જીવનના મહત્વકાંક્ષી,પારસીઓએ આગેવાની લેવા માંડી હતી. આ અગ્રેસર–વૃત્તિ; નવીનતા પ્રેમ, જાહેર જીવન જીવવાની ઉત્કંઠા, ઉદાર મતવાદી વલણ તથા હાથ લીધી વસ્તુનો તાગ લેવાની વૃત્તિ જેવા ગુણોને કારણે નાટયક્ષેત્ર પારસીઓને વિશેષ સધું કહેવાય.'૧૭ 'રંગભૂમિને ક્ષેત્રે પારસીઓનું અર્પણ મહત્વનું છે. ગુજરાતી વૃત્તવિવેચનની જેમ આ દિશામાં પણ તેમણે મહત્વનું પ્રારંભિક કાર્ય કર્યું છે. તેમ કરવામાં તેમણે સારી સાહસવૃત્તિ પણ દાખવી છે.'૧૮

'એક જમાનો એવો હતો જયારે ગુજરાતની રંગભૂમિ પારસીઓને સ્વાધીન હતી, પ્રથમ નાટયકારો અને અભિનેતાઓ પણ પારસીઓ હતાં.'[૧૯] 'મોટા સાહસો કરવા હંમેશા તત્પર એવી માત્ર લાખેકની વસ્તીની નાનકડી પારસી પ્રજાને ફાળે આ પુનર્જીવનનો યશ જાય છે.[૨૦] 'લોકરંજનમાં સરી પડતાં સ્થૂલ હાસ્ય અને અશ્લીલતામાં ઉતરી પડતી ભવાઇથી ભણેલો વર્ગ જે કાળે નવેક દાયકા પર વિમુખ થવા લાગ્યો તે વેળા મુંબઇમા નાટકશાળાની સ્થાપના તથા પારસી ગુજરાતી ભાષામા નાટક-લેખનનો પ્રારંભ થયો.'[૨૧] 'નાટક લખનાર પારસીઓ હતાં, નાટક ભજવી બતાવનાર પારસીઓ હતાં, નાટકના કામને હાર પાડનાર પારસીઓ હતાં, અને નાટકના કામને ઉલટ અને ઉત્તેજન આપનાર પણ પારસીઓ હતાં.'[૨૨]

ઉપરોકત વિદ્વાનોના મંતવ્ય પરથી એક વસ્તુ સ્પષ્ટ થઇ જાય છે કે પારસીઓએ ગુજરાતી રંગભૂમિ સ્થાપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. નાટય પરત્વેની સૂઝને કારણે તેમણે નાટકના સંચાલન અર્થે નાટયસંસ્થાની આવશ્યકતા જોઇ. રંગભૂમિ પરત્વેની નિષ્ઠાને કારણે દાદાભાઇ નવરોજીના આશીર્વાદથી ઇ.સ.૧૮૫૩ના ઓકટોબર માસમાં પારસીઓ દ્વારા નાટયમંડળી કલબ ખોલવામાં આવી, જે 'પારસી નાટક મંડળી' નામે પ્રસિધ્ધ થઇ. આ નાટય મંડળીની વ્યવસ્થા અને સંચાલન ફરામજી ગુસ્તાદજી દલાલે ઘણાં વર્ષો સુધી સંભાળી હતી. તેઓ 'ફલુ ધુસ' ના નામે ઓળખાતા. આ પારસી નાટક મંડળીએ 'રુસ્તમ અને સોરાબ' નામનું પહેલી ગુજરાતી નાટક રજૂ કરી ગુજરાતી રંગભૂમિનું મંગલાચરણ કર્યું. ગુજરાતી રંગભૂમિનું વ્યવસ્થિત રુપ આપી તેનાં પર સફળ નાટયપ્રયોગ કરવા પારસીઓએ ઓછી જહેમત નહીં ઉઠાવી હોય. સૌ પ્રથમ તેમની સામે મુશ્કેલી ઊભી થઇ, ભાષાની. ગુજરાતી પહેરવેશ અને ભાષા અપનાવ્યા છતાંય શુધ્ધ ગુજરાતી ભાષાનું ઉચ્ચારણ તેમના માટે સમસ્યા બની ગયુ. ભાષા-નાટયગૃહ-આર્થિક ભીંસ જેવી અનેક મર્યાદા હોવા છતાં રંગભૂમિ પરત્વેના અદમ્ય ઉત્સાહને કારણે પારસીઓએ ગુજરાતી રંગભૂમિનું જે આકર્ષણ જમાવ્યું તે અમૂલ્ય ફાળો વિસરી ન શકાય. ગુજરાતી રંગભૂમિના પ્રારંભકાળે સામાજિક-આર્થિક અન્ય મર્યાદાઓ હોવા છતાં રંગભૂમિ જેને સંસ્કારી સમજવામાં આવતી નહોતી તે કાળે તેની પ્રતિષ્ઠા વધારી ભદ્ર સમાજને પ્રીતિ પ્રાપ્ત કરવાનો અનન્ય ફાળો પારસીઓએ આપ્યો છે. ભવાઇ પરત્વેની વધતી જતી સૂગને કારણે ભણેલો વર્ગ વિમુખ થવા લાગ્યો હતો. મહીપતરામે તેની નાટયોપકાર ખૂબીઓ પિછાનીને તેને શુધ્ધ કરવાના પ્રયત્નો કર્યા હતા પણ તેમાં તેમને સફળતા ન મળી. ભવાઇમાં રહેલી નાટયોપકારકતા અને અભિનયને મળતું પ્રાધાન્ય જોઇનેજ રણછોડભાઇને અભિનેય નાટકો લખવા પરત્વે આકર્ષ્યા. આ લોકભોગ્ય કલાપ્રકારની કલાત્મક રીતે રજૂઆત શ્રી ચંદ્રવદન ચીમનલાલ મહેતાની 'હોહોલિકા' અને શ્રી રસિકલાલ

છોટાલાલ પરીખની 'મેનાગુર્જરી'મા જોવા મળે છે. આ લોકનાટયને સુસંસ્કૃત રુપે રજૂ કરવામા આવે તો ફરીથી તેના સહયોગ દ્વારા નૂતન રંગભૂમિનો વિકાસ અને આ લોકનાટયના પુનરુધ્ધારની મહેનત સફળ નીવડે. સંસ્કૃત નાટક અને અર્વાચીન નાટક વચ્ચેની આ લોકનાટય પરંપરાનુ મહત્વ સ્વીકારીએ છતા પણ ગુજરાતી નાટકનું મૂળ તરીકે એને સ્વીકારી શકાય નહી. ઈ.સ.૧૮૪૨માં શંકરશેઠે થિયેટર બંધાવી સૌ પ્રથમ રંગભૂમિ પરત્વેની વ્યવસ્થિત સવલત ઉભી કરી. શ્રી ચંદ્રવદન મહેતાના મંતવ્યાનુસાર 'તે પહેલા અંગ્રેજ અને ઈટાલીયન નાટકમંડળીઓ મુંબાઈમા નાટક કરવા આવતી, એક અંગ્રેજ ટોળીએ તો પોતાનું થિયેટર પણ બંધાવ્યું હતું. ત્યારે શેકસ્પિયરના નાટકો મોટા પ્રમાણમા થતા. ઈ.સ.૧૮૪૦-૧૮૫૦ વચ્ચે છૂટા પ્રયાસો થતાં. સુરત અને અમદાવાદમાં પણ ભજવતા હતાં.'[૨૩] ૧૮૪૦-૫૦ મા થતાં આ છૂટાછવાયા નાટય-પ્રયોગોથી પારસીઓ વંચિત રહ્યા નહીં હોય તેવું અનુમાન કરી શકાય. પરિણામે પ્રારંભમાં પારસી જેવી સાહિસક અને અભિનયપટુ પ્રજા દ્વારા રંગભૂમિનો પાયો નંખાયો જેને ગુજરાતી, મરાઠી, ભોજક અને મીર-મુસલમાન કોમની સહાયતા મળતાં રંગભૂમિના ઉત્કર્ષની પ્રવૃત્તિ વધુ ગતિશીલ અને વિકાસોન્મુખ બની પરંતું તેને પંચરંગી સ્વરુપ પ્રાપ્ત થયું.

ઓગણીસમી સદીના મધ્યમાં જયારે પાશ્ચાત્ય પ્રભાવથી આધુનિક નાટક અને રંગમંચનો પ્રારંભ થયો ત્યારેય લોકનાટય રુપોની અભિનય પધ્ધતિ, રુઢીઓ અને વ્યવહારોનો પ્રભાવ દેશના વિભિન્ન ભાષાના રંગમંચ પર પડયો જે પારસી નાટક મંડળીના પ્રારંભિક નાટકોમાં જોવા મળે છે. પશ્ચિમની આધુનિક વિશેષતાઓને અપનાવી પારસીઓએ તેમના રંગમંચનું નિમાર્ણ કર્યુ. પારસીઓએ નિર્મિત કરેલ આ રંગમંચ દેશના વિભિન્ન ભાષાના રંગમંચની સ્થાપનાનું પ્રેરક બળ બની ગયો. હિન્દી રંગમંચ પર તો એટલી પ્રબળ અસર થઈ કે લગભગ પ્રસાદોત્તર નાટકોમાં પણ પારસી રંગમંચનો પ્રભાવ જોવા મળે છે. એટલુંજ નહી પરંતું હિન્દી રંગભૂમિના વિકાસમાં કથાવસ્તુથી માંડી સ્ટેજ સજાવટ સુધી જે પરિવર્તન આવ્યુ તેમાં પારસી રંગભૂમિનો ફાળો અતિ મહત્વનો બની ગયો. ગુજરાતી નાટકનો પ્રારંભ ૧૯મી સદીથી થયો અને તે પારસી રંગમંચ દ્વારા, પરન્તું તે પૂર્વે વિક્રમની ૧૨-૧૩ મી શતાબ્દી સુધી સંસ્કૃતમા ધાર્મિક, પૌરાણિક અને ઐતિહાસિક નાટકોની રચના ગુજરાતમાં થતી રહી, જેમા કર્ણસુન્દરી, નળવિલાસ, મોહરાજ પરાજય, પાર્થ પરાક્રમવ્યાયોગ, દ્રૌપદી સ્વયંવર, હમીરમહમર્દન, દૂતાંગત આદિ નાટકોની રચના થઈ અને તે ભજવવામાં પણ આવ્યાં. ડો.ભોગીલાલ સાંડેસરાએ 'ગુજરાતના સંસ્કૃત નાટકો' નામના લેખમાં તે વિષે વધુ પ્રકાશ પાડયો છે.[૨૫] દેવમંદિર અને રાજગૃહમા અભિનીત આ નાટકો જનસમાજ સુધી પહોંચી ના શકયા જયારે જનસમાજનું અંગરુપ બની ચૂકેલ લોકનાટય

શિષ્ટ સમાજને સંતોષી ના શક્યું. પારસીઓને હાથે નિર્માણ પામેલી અર્વાચીન રંગભૂમિને એક મહાન પ્રતિભાવાળી વ્યક્તિનો સાથ મળતાં તેને વધુ સમૃધ્ધ બનવાનો કુદરતી સંજોગ પ્રાપ્ત થયો, જેમાં રંગભૂમિને વધુ સમૃધ્ધ બનાવવા આજીવન અર્પી દીધું તે રા. રા. રણછોડભાઇ ઉદયરામ. રણછોડભાઇને રંગભૂમિ પરત્વે આકર્ષણ લગાડવામાં શ્રી કેખશરુ કાબરાજીને(૧૮૪૨-૧૯૦૪) ફાળો અતિ મહત્વનો ગણાય. પાછળથી રણછોડભાઇ ઉદયરામને ગુજરાતી નાટયનાં પિતાનુ બિરુદ મળ્યું. ગુજરાતી રંગભૂમિની પ્રારંભની પ્રયોગદશામાં કાબરાજી જ્યારે તેમનું સર્વસ્વ પ્રદાન કરી રહયા હતાં ત્યારે રણછોડભાઇનુ આગમન શિષ્ટ નાટયસાહિત્ય અને રંગભૂમિ ઉભયને ઉપકારક બની ગયું. રણછોડભાઇ નાટયશાસ્ત્રના અભ્યાસી હતાં. તેઓએ પાશ્ચાત્ય પધ્ધતિના નાટકો લખવા તરફ દ્રષ્ટિ દોડાવી. ભવાઇમા રહેલી અશ્લીલતાને દૂર કરવાની સાથે તેમાં રહેલી અભિનેયતાને રણછોડભાઇએ રંગભૂમિ પર સંસ્કારી રજૂ કરવા મહત્વનું પ્રદાન કર્યું. રણછોડભાઇનું 'જે કુંવરનો જે', 'બુધ્ધી પ્રકાશ'માં૧૮૬૨માં કકડે કકડે છપાયું પરંતું તે પહેલાં ૧૮૫૧ માં દલપતરામે 'લક્ષ્મી'નાટક રચીને પ્રસિધ્ધ કર્યું.એ ગ્રીક લેખક એરિસ્ટોફેનીસના 'પ્લુટસ'નું ગુજરાતી રુપાંતર છે. ગુજરાતી ભાષામાં સૌથી પહેલું નાટક 'ગુલાબ' જેમા સુત્રધાર, નટી કે નાંદી નથી. ગ્રીક નાટકના પૂર્વરંગ Prologue જેવું મંગળાચરણ છે. વળી તેમાં કોરસ પણ રજૂ કરેલ છે. 'ગુલાબ' નાટક એ સર્વશ્રી ચંદ્રવદન મહેતાની શોધ છે.

૧૮૬૦-૭૦નો દાયકો એ રંગભૂમિની દ્રષ્ટિએ ઐતિહાસિક લેખાવાનું કારણ નગીનદાસ, નવલરામ, રણછોડભાઇ અને કાબરાજીએ નાટયક્ષેત્રમા પ્રસ્થાન આરંભ્યું. શ્રી કેખશરુ કાબરાજીએ ગુજરાતી નાટકોની ભજવણી 'નાટક ઉત્તેજક મંડળી' દ્વારા શરુ કરી. કાબરાજી પોતે ગુજરાતીના અભ્યાસી હોવાથી શુધ્ધ ગુજરાતીમાં નાટકો લખાય, તે ઉપરાંત રણછોડભાઇનો સાથ મળતાં તેમણે તે જમાનામાં ગુજરાતી નાટકને સફળ રીતે રંગભૂમિ પર રજૂ કરી એક ઉચ્ચ કોટિના લેખક, દિગ્દર્શક અદાકારની નામના પ્રાપ્ત કરી હતી. રણછોડભાઇના 'હરિશ્ચંદ્ર' અને 'નળ-દમયંતી' નાટકો 'નાટક ઉત્તેજક મંડળી' દ્વારા ભજવાયા જેને અકલ્પ્ય સફળતા મળી. તે ભજવનાર ફરામજી અને મહેતાજીની મંડળી વચ્ચે નાટય પ્રયોગ કરી આપવાના પૈસા અંગે બોલાચાલી થઇ. ફરામજીએ નરોત્તમ મહેતાજીનું અપમાન કરી તેને હડધૂત કર્યો. તેનો બદલો લેવા મહેતાજીએ નાટક ભજવવાનો નિર્ણય લીધો જેના રણછોડભાઇ માર્ગદર્શક બન્યા અને ૫મી જૂન ૧૮૭૮ને બુધવાર 'ગુજરાતી નાટક મંડળી'ની સ્થાપના થઇ જેણે પાછળથી રણછોડભાઇના નાટકો ભજવવાના શરુ કર્યા.

પારસી નાટક મંડળી અને ગુજરાતી નાટક મંડળી પૂર્વે ડિલોસ્કિર અને સાંગલીકરની નાટકમંડળીઓએ કડીરુપ કાર્ય કર્યું જે ભૂલી ના શકાય. પરંતુ સંગીતપ્રનાટકમા સ્વરુપમાં હોવા ઉપરાંત પારસી રંગભૂમિ દ્વારા રજૂ થયેલ સ્ટેજ સજાવટ, યાન્ત્રિક રચના અને અભિનેયતા તેમા જોવા મળતા નથી. મનોરંજનનો હેતુ પૂર્ણ કરવાની સાથે સાથે નાટક પરત્વે લોકરુચિ કેળવવા બદલ તેનું ઐતિહાસિક મૂલ્ય વિસરી ન શકાય. પારસીઓના પ્રસ્થાનની સાથે રંગભૂમિની કાયાપલટનો પ્રારંભ શરુ થયો. રંગભૂમિની પ્રતિષ્ઠા વધારી ભદ્ર સમાજને આકર્ષવાનો પારસીઓએ મહત્વનો ફાળો આપ્યો છે. તે કાળે આ પ્રકારનો ધંધો અશિષ્ટ લેખાતો. ગાનારા-ભજવનારાઓ તરફ સંસ્કારી સમાજે જે ઉપેક્ષા બતાવી તેની અસર રંગભૂમિને ઓછી નથી સહેવી પડી. તે કાળે 'રાસ્ત ગોફતાર'ના તંત્રી કેખશરુ કાબરાજીએ સામાજિક ક્ષેત્રે સુધારો લાવવાની જહેમત ઉઠાવી. 'રાસ્ત ગોફતાર'માં લેખમાળા યોજીને અને રંગભૂમિ પર સામાજિક કુરિવાજોની ઝાટકણી કાઢી, સમાજના જીર્ણ થયેલ ચોકઠાં દૂર કરવાનો પ્રયત્ન કર્યો.

## પહેલી પારસી નાટક મંડળી

ઈ.સ.૧૮૫૩માં 'પારસી નાટક મંડળી'ના નામે પહેલી પારસી નાટક મંડળી અસ્તિત્વમા આવી હતી.[૧] આ નાટયમંડળીના પરામર્શકો હતાં દાદાભાઇ નવરોજી અને નસરવાનજી મજગાંવવાળા, ખુરશેદજી નસરવાનજી કામા, અરદેશર ફરામજી મુસ, જહાંગીર બરજોરજી વાચ્છા અને ડો.ભાઉ દાજી. ઉપર્યુકત નામોની યાદી જોતાં એ વાત સ્પષ્ટ બની રહે છે કે આ નાટક મંડળીની સ્થાપનામાં વેપારીઓ-નાટયપ્રેમીઓ તેમજ નગરની પ્રતિષ્ઠિત વ્યકિતઓએ સહયોગ પ્રદાન કર્યો હતો. આ નાટક મંડળીના મુખ્ય માલિક હતાં શ્રી ફરામજી ગુસ્તાદજી દલાલ જેઓ નાટય પ્રેમી જગતમા 'ફલુધુસ'ને નામે ઓળખાતા. આ ફરામજી ગુસ્તાદજી દલાલ તેમનુ સમગ્ર જીવન પારસી રંગભૂમિને સમર્પી દિધું હતું. તેઓ ખૂબજ તીખા સ્વભાગના અને સાહસિક વૃત્તિના વ્યાપારી માનસ ધરાવતી પ્રકૃતિના હતા. આ 'પારસી નાટક મંડળી'ના ઉપક્રમે 'રુસ્તમ સોહરાબ'નામનું પ્રથમ નાટક અભિનિત થયું જે અત્યંત સફળતા પ્રાપ્ત કરતા નાટયપ્રવૃત્તિમાં એક નૂતન પ્રકારનો કાર્યોત્સાહ પ્રસરવા લાગ્યો. આ ઉપરાંત આ નાટક મંડળીએ 'ધનજી ધરક'નામનું ફારસ ભજવ્યું. આ નાટક મંડળી ચીરાયુષી નિવડવા માટે સદ્ભાગી ન બની કિન્તુ તેના દ્વારા સ્થાપિત થયેલ રંગભૂમિ કાર્યની પ્રવૃત્તિ વેગવંતી બની વ્યાપક પ્રમાણમાં ફેલાઇ ગઇ.

ઇ.સ.૧૮૫૩ થી ૧૮૬૯ ની વચ્ચે લગભગ વીસ અવેતન નાટક મંડળીઓની સ્થાપના થઇ, જેમાંની કેટલી કાળાંતરે બંધ થઇ અને કેટલીક આગળ જતાં ધંધાદારી નાટક મંડળીના રૂપમાં પરિવર્તિત થઇ. આ મંડળીના વ્યવસ્થાપક-દિગ્દર્શક અને અભિનેતા પારસીઓ હતા. છતાં આ બધી જ મંડળીઓમાંથી થોડી મંડળીઓજ લાંબો સમય ટકી રહી. નાટ્યપ્રવૃત્તિમાં પોતાનો ફાળો આપ્યો હોય. ગમે તે હો પણ દરેક મંડળીએ તે કાળે લોકોને નાટ્યાભિમુખ કરવા કરેલ પ્રયોગોનું મૂલ્ય ઓછું નથી. નાટ્યત્કર્ષની આ શૈશવાવસ્થામાં ફરામજી દલાલ, કેખશરુ કાબરાજો, કુંવરજી નાઝર, એદલજી ખોરી, દાદાભાઇ પટેલ, દાદાભાઇ ઠુંઠી, રણછોડભાઇ ઉદેયરામ, વિનાયક શંકરશેઠ, ડો.ભાઉ દાજી, નાનાભાઇ રાણીના, શેઠ બોપુજી ત્રિલોકેકર, કાવસજી કોહોદારૂ જેવા ઘણી વ્યક્તિઓનો મળેલો સાથ વિસરી ન શકાય. ઇ.સ.૧૮૬૦-૭૦ પહેલાનો નાટક મંડળીમાં નીચે મુજબની ગણાવી શકાય.

"૧. પારસી નાટક મંડળી (ફલુ ઘુસવાળી)
૨. એમેચ્યુઅર્સ ડ્રામેટીક કલબ
૩. પારસી સ્ટેજ પ્લેઅર્સ
૪. જેનટલમેન એમેચ્યુઅર્સ (ફલુ ઘુસવાળી)
૫. ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી
૬. ઓરીયન્ટલ નાટક મંડળી
૭. પરશ્યન નાટક મંડળી
૮. પરશ્યન ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી
૯. બેરોનેટ નાટક મંડળી
૧૦. આલ્બર્ટ નાટક મંડળી
૧૧. શેકસ્પીયર નાટક મંડળી
૧૨. ધી વોલન્ટીયર્સ નાટક મંડળી
૧૩. ઝોરાસ્ટ્રીયન ડ્રામેટીક સોસાયટી
૧૪. એલફિન્સ્ટિન ડ્રામેટક કલબ (નાજરવાળી)
૧૫. વિકટોરિયા નાટક મંડળી
૧૬. હિન્દી નાટક મંડળી
૧૭. ઓરીજીનલ વિકટોરિયા કલબ.
૧૮. એલફિન્સ્ટિન એમેચ્યુઅર્સ (નાજરનું તરૂપ)
૧૯. પારસી વિકટોરિયા ઓપેરા તરુપ (નાજરની કલબ) [૨૫]

આ કલબો ઉપરાંત પણ બીજી કલબો હતી. જેમણે રંગભૂમિનું વાતાવરણ સર્જી લોકોને નાટ્યાભીમુખ કરવાનો પ્રયત્ન કર્યો. આરંભકાળની આ નાઇટ કલબોની સાથે સાથે જેને કેવળ અવેતન નાટયપ્રવૃત્તિ કહી શકાય જે આજે પણ આપણે જોઇ શકીએ છીએ, તેનો પ્રારંભ પારસી –ગુજરાતી મંડળી દ્વારા થયો હતો. વિદ્યાર્થીઓની અવેતન નાટયપ્રવૃત્તિની શરુઆત ૧૮૫૮માં થઇ હતી. ૧૮૫૩માં મુંબઇમાં જ્યારે 'પારસી નાટક મંડળી'એ 'રુસ્તમ સોહરાબ'ભજવ્યું તે તે પછી થોડા સમયમા સુરતમાં પણ દાદાભાઇના આશીર્વચન લઇ એક કલબ શરુ થઇ જેણે 'શેકસપીયર'ના ટેમીંગ ઓફ ધી શ્રુ'નું ગુજરાતી રુપાંતર 'નઠારી ફિરંગણ ઠેકાણે આવી' ના નામે કરી ભજવી બતાવ્યું. પારસી જૂથો દ્વારા શરુ થયેલ આ પ્રવૃત્તિએ એ નાટયસૃષ્ટિને વ્યાપક બનાવી રંગભૂમિ તથા સજનફલક પર નામાંકિત કલાકારો–નાટયકારો–સંગીતકારોને–ગાયકોને પ્રોત્સાહિત કર્યા. રંગભૂમિના વિકાસકાળ દરમ્યાન તેને ગતિશીલ કરવા માટેના નાના–મોટા જૂથો દ્વારા થયેલા આ પ્રયોગોનું ઐતિહાસિક મૂલ્ય વિસરી ન શકાય. આ દાયકામાં અસ્તિત્વમાં આવેલી વીસ નાટયમંડળીઓમાથી બહુધા અલ્પજીવી નીવડી. તેમાંથી બહુજ થોડી લાંબુ આયુષ્ય ભોગવી શકી.

ઇ.સ.૧૮૫૩ થી શરુ થયેલ નાટય–પ્રવૃત્તિ ધીમે ધીમે વેગવંતી થતી ગઇ. પારસી સાહિત્યકારોમાં આ ગાળા દરમ્યાન અંગ્રેજી કેળવણી પરત્વેની અભિરુચિ વધતી જવાને પરિણામે સાહિત્યમાં ધર્મ ઉપરાંત જીવનના અન્ય પાસાઓની ચર્ચા થવા લાગી. જેમાં પારસી નાટકમાં પણ વિશિષ્ઠ પરિવર્તન આવવાના એંધાણ વર્તાવા લાગ્યા. અંગ્રેજી કેળવણીએ જીવનના વિભિન્ન કાર્યક્ષેત્ર તરફ લેખકોનું ધ્યાન દોર્યું. જે તત્કાલીન સાહિત્યમાં આપણે જોઇ શકીએ છીએ. તે સમયે પારસીઓ નાટકના શોખને ખાતર પણ નાટક કરતાં તેટલુંજ નહીં પણ તેની જે આવક થતી તે પોતાના લાગતા વળગતાને અર્પણ કરતા. એકંદરે અન્યને સહાય કરવાના હેતું અર્થે તેમણે નાટકને માધ્યમ તરીકે સ્વીકાર્યું જેમા પરોક્ષરુપે નાટયોત્કર્ષ સધાયો. શ્રી ફીરોઝધર 'મ્હારો નાટકી અનુભવ'માં નોંધે છે '' પારસી થિએટ્રીકલ સોસાયટીએ સૌથી પહેલો''રુસ્તમ સોહરાબ'નો કયાંની નાટક ભવ્યો હતો જેની સાથે 'ધનજી ધરક' નામનું નાટક ભજવ્યું હતું. ૧૮૫૫માં પારસી નાટક મંડળી'એ પાદશાહ ફરેદુનનું દાસ્તાન' અને 'ઉઠાઉગીર સુરતી'નામના બે નાટક પેટ્રીઓટીક ફંડના લાભાર્થે ગ્રાંટરોડ પરની નાટકશાળામા કર્યા હતા. તેજ વર્ષે 'રુસ્તમ જાબુલી' નામનું નાટક પણ તે મંડળીએ કર્યું. ૧૮૫૬માં 'પારસી નાટક મંડળી'એ 'રુસ્તમ અને એકદસ્ત' નામનું પ્રખ્યાત નાટક ભજવ્યું. આ 'પારસી નાટક મંડળી' શ્રી કાબરાજીએ ઇ.સ.૧૮૬૭માં 'વિકટોરિયા નાટક મંડળી'સ્થાપી તે અગાઉ બંધ થયેલું, પરંતું તે સમય દરમ્યાન

તેણે કરેલા ખેલો દ્વારા એક નાટય મંડળી તરીકે લોકમાનસ પર ઉત્કૃષ્ટ છબી ઉપસાવી જેને પરિણામે નવી નાટક મંડળી ખોલવાનો ઉત્સાહ અનેક યુવાનોમાં ફેલાતાં નવી નાટય મંડળીઓ ખુલવા માંડી. 'પારસી નાટક મંડળી'ના કેટલાય ખેલાડીઓએ ઉર્દૂ અને પારસી નાટકો દ્વારા કંપનીને સધ્ધર કરી હતી. નસરવાનજી વીરજી નામનો એક ખેલાડી તેની ગાયનકળા માટે ખૂબજ વિખ્યાત હતો.[૨૬] 'પારસી નાટક મંડળી'ની સ્થાપના કોઇ સારા મૂહુર્તમાં થઇ હોવી જોઇએ કે સદ્ભાગ્યે આ મંડળીને સારા ખેલાડીઓ મળી જતા તે દરેક ખેલ સફળતાપૂર્વક રજૂ કરવામા સફળ નીવડી. છેવટે મંડળીની માલિકો વચ્ચે મતભેદ થતાં તે ભાંગી પડી. 'પારસી નાટક મંડળી'ની પ્રેરણા લઇ ત્યારબાદ બીજી ઘણી નાટક મંડળીઓ અસ્તિત્વમાં આવી જેણે પારસી રંગભૂમિને સહસ્ત્ર દીપશીખાઓ દ્વારા વિભૂષિત કરી.

## પ્રકરણ - ૪

## સંદર્ભગ્રંથ - સૂચિ


| | | | |
|---|---|---|---|
| ૧. | લોકનાટય ભવાઇ - અપ્રકાશિત મહાનિબંધ | ડૉ.સુધાબેન દેસાઇ | પૃ.૧૯ |
| ૨. | શૈલી અને સ્વરુપ | ઉમાશંકર જોષી | પૃ.૧૦૪ |
| ૩. | ગુજરાતી નાટય શતાબ્દી મહોત્સવ ગ્રંથ | સં.કવિ શ્રી જામન | પૃ.૫૦ |
| ૪. | ભવાઇ સંગ્રહ | મહીપતરામ રુપરામ નીલકંઠ | પૃ.૧૦૩ |
| ૫. | ગુજરાતી નાટય -અંક જુલાઇ ૧૯૫૯ - 'ભવાઇ' | ડૉ.સુધાબેન દેસાઇ | પૃ.૨૨ |
| ૬. | ભવાઇ સંગ્રહ | મહીપતરામ નીલકંઠ | પૃ.૨ |
| ૭. | સાહિત્ય વિહાર | પ્રો.અનંતરાય રાવળ | પૃ.૧૭૪ |
| ૮. | રણછોડભાઇ શતાબ્દી ગ્રંથ | સં.ર.ઉ.શતાબ્દી સમિતિ | પૃ.૪૯ |
| ૯. | ગુજરાતી નાટય સાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ | ડૉ.મહેશ ચોકસી | પૃ.૪૧ |
| ૧૦. | સાહિત્ય સ્વરુપો | પ્રો.કુંજવિહારી મહેતા<br>ડૉ.જયંત પટેલ | પૃ.૨૪૨ |
| ૧૧. | બૃહત્ ગુજરાતની અસ્મિતા | સં. નંદલાલ.બી દેવલુક | પૃ.૪૪૩ |
| ૧૨. | બૃહત્ ગુજરાતની અસ્મિતા | સં. નંદલાલ.બી. દેવલુક | પૃ.૬૭૯ |
| ૧૩. | ગુજરાતી નાટય ડીસેમ્બર ૧૯૫૭ | ડૉ.ડી.જી.વ્યાસ | પૃ. |
| ૧૪. | ગુજરાત દર્શન | સં.ભોગીલાલ ગાંધી | પૃ.૧૨૯ |
| ૧૫. | ગુ.ના.શતાબ્દી સ્મારક ગ્રંથ | સં.કવિ શ્રી જામન | પૃ.૫૧ |
| ૧૬. | હિન્દી ઔર ગુજરાતી નાટય સાહિત્યકા તુલનાત્મક અધ્યયન | ડૉ.રણધીર ઉપાધ્યાય | પૃ.૩૦૨ |
| ૧૭. | ગુ.નાટય સાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ | ડૉ.મહેશ ચોકસી | પૃ.૪૬ |
| ૧૮. | પ્રતાપ-નાટય મહોત્સવ વિશેષાંકનો લેખ | ડૉ.રતન માર્શલ | પૃ.૨૧ |
| ૧૯. | પારસી સાહિત્યનો ઇતિહાસ | મીસ મકાતી પીલાં | પૃ.૭૯૮ |
| ૨૦. | લિરિક અને લગરિક | શ્રી ચંદ્રવદન મહેતા | પૃ.૯૭ |
| ૨૧. | સમીક્ષા - | પ્રો. અનંતરાય રાવળ | પૃ.૧૮૩ |

| | | | |
|---|---|---|---|
| ૨૨. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડૉ. ધનજીભાઈ પટેલ | પૃ.૩ |
| ૨૩. | લિરિક અને લગરિક | શ્રી ચંદ્રવદન મહેતા | પૃ.૮૬ |
| ૨૪. | ઇતિહાસની કેડી, | ડૉ.ભોગીલાલ સાંડેસરા | પૃ. |
| ૨૫. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડૉ.ધનજીભાઈ પટેલ | પૃ.૨ |
| ૨૬. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડૉ.ધનજીભાઈ પટેલ | પૃ.૩૯૩ |